જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૧/૨૦૧૭ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૪/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૩ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી, ૫૫ લીટર દેશી દારૂ, ૧૮૧ બોટલ ઇગ્લીશ દારૂ, ૪ બીયર ટીન, ૧ કાર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૯૫૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૫/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૩૬/૧૭

**ઓઢવઃ** અજયસિંહ દલવિરસિહ સિંધ્ધુ (રહે. હરિધામ સોસાયટી સિલ્વર સોસાયટીની બાજુમા વસ્ત્રાલ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૧/૧૭ સાંજના ૫/૦૦ થી તા.૫/૧/૧૭ સવારના ૭/૩૦ વાગ્યા દરમ્યાન ઓઢવ પંચદેવ મંદિર પાછળ ઇશ્વરબાબ સોસાયટી ખાતે રહેતા અજયસિહના બહેન હરજીત કૌરના મકાનના દરવાજાનો નકૂચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાની બુટી ચાર જોડી કિમત રૂપિયા ૨૨,૦૦૦/-, સોનાની ચેઈન નંગ-૨ કિમત રૂપિયા ૩૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૪,૦૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.ચૌધરી ચલાવે છે.

## સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :- સમાચાર યાદી નં.૩૭/૧૭

**ઘાટલોડીયાઃ** ભાનુબહેન ભાનુભાઈ અમરસેડા (ઉ.વ.૭૦)(રહે,ઈંદ્રપ્રસ્થ ટાવર, હિમાલયાં મોલ પાસે, વસ્ત્રાપુર) તા.૫/૧/૧૭ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે ઘાટલોડીયા ભુયંગદેવ ચાર રસ્તા પાસે શિવશક્તિ હોલ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ભાનુબહેનના ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ભાનુબહેન અમરસેડાએ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એન બારીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**નરોડા:** સુશીલાબહેન ગુણવતરામ વ્યાસ (રહે. સહયોગ ફલેટ કચ્છ કડવા પાટીદારની પાસે દહેગામ રોડ નરોડા) તા.૫/૧/૧૭ બપોરના ૪/૦૦ વાગ્યાનાં સુમારે સુરધારા સોસાયટીના દરવાજા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ સુશીલાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ સુશીલાબહેન વ્યાસે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી.કે.એચ.જાડેજા ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૩૮/૧૭**

સાબરમતી: દેવારામ મંચ્છાજી માલી (ઉ.વ.૪૧)(રહે,શર્મા નિવાસ વરસોડાની ચાલી, જૈન મંદિરની સામે સાબરમતી) એ તા.૨/૧/૧૭ રાતનાં ૧૧/૦૦ વાગે પોતાના રહેણાંક નજીક પોતાની મહિન્દ્રા પીકઅપ બોલેરો ગાડી નંબર જીજે.૦૧.ટી.ડી.૩૩૪૧ કિંમત રૂપિયા ૪,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૩/૧/૧૭ સવારનાં ૬/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ દેવારામ માલીએ તા.૫/૧/૧૭ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એમ.છાસીયા ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)